# શ્રી ભગવાન મહાવીર સ્વામી

## નું શાસન

# આપણે માનેલા અધર્મી અને આપણે કહેવાતા ધર્મી

જીવ અનંત ભવ ભ્રમણમાં ભટકતો ભટકતો પુણ્યનાં યોગે અને કષાયોની મંદતાનાં કારણે આ ભવ મનુષ્યપણું પામ્યો અને મોક્ષમાર્ગ (જૈનકુળ અને જૈનધર્મ)નો યોગ થયો અને સાથે શ્રી સાધુ ભગવંતોનો સંયોગ પણ થયો તો જીવ વિચારે કે આખી જિંદગીમાં જે ધર્મ કર્યો તે મોક્ષમાર્ગી ધર્મ હતો કે શુભ કાર્યો (શુભ પ્રવૃત્તિ) હતા. જિંદગીમાં જે કાંઈ ધર્મ કર્યો (વ્રત-તપ-જપ-ક્રિયા-ત્યાગ-દાન વિગેરે) ધર્મ કરીને ધર્મીમાં ખપવાની કોશીષ કરી કે ખરેખર ધર્મી બન્યાં કે ખાલી ધર્મી દેખાવાની કોશીષ કરી. (ધર્મનું માન બહુ મોટું છે અને તે માન લેવાની વૃત્તિ તેના કરતાં પણ વધારે બળવાન છે.) આપણે ખરેખર ધર્મી છીએ કે ધર્મમાં રહીને અધર્મી રહ્યાં તેની વિચારણા અધર્મીનાં લક્ષણોની સમજણ લઈને જાણીએ કે આપણે કહેવાતા ધર્મી છીએ કે ખરેખર ધર્મી છીએ.

૧) **અજ્ઞાની (અધર્મી)** : ની સામે બીજા જીવો ક્રોધ કરે તો અધર્મી તેની સામે ક્રોધ કરે, આપણે

**જૈનો જાગો**

લેખાંક : ૩૬

**લેખાંકો ૧ થી ૫૮, તા. ૫-૧-૨૦૦૦ થી પુનઃ મુદ્રણ**

*** સત્સંગ, સત્સંગનું ફળ ***

**''જીવ થાય નિશ્ચય ધર્મથી દૂર**
**તો**
**પામે ચાર ગતિનું દુ:ખ**
**જીવ પામે નિશ્ચય ધર્મ**
**તો**
**થાય ચાર ગતિનું દુ:ખ દૂર''**
**''જીવને ગમે ચારગતિનું માનેલું સુખ**
**તો**
**જીવને ગમે નહીં નિશ્ચય બોધ**
**જીવને મળે નહીં નિશ્ચય બોધ**
**તો**
**જીવ પામે નહીં મોક્ષગતિનું સુખ''**

**કહેવાતા ધર્મી** : ની સામે બીજા જીવો ક્રોધ કરે ત્યારે આપણે તેની સામે ક્રોધ કરીએ છીએ કે સહનશીલતાનો ગુણ ધારણ કરીને મૌન લઈએ છીએ? ક્રોધ કરીએ તો અધર્મી ગણાઈએ અને ક્રોધ ન કરીએ તો ધર્મી બન્યાં ગણાઈએ.

૨) **અજ્ઞાની (અધર્મી)** : નું બીજા જીવો અહિત કરે તો અધર્મી તે જીવોનું અહિત કરે. આપણે **કહેવાતા ધર્મી** : નું બીજા જીવો અહિત કરે તો આપણે તેમનું અહિત કરીએ કે પૂર્વનાં કર્મનો ઉદય સમજીને શાંત ભાવે વેદી લઈએ છીએ? અહિત કરીએ તો અધર્મી ગણાઈએ અને શાંત ભાવે વેદીએ તો ધર્મી બન્યાં ગણાઈએ.

૩) **અજ્ઞાની (અધર્મી)** : નાં જીવનનાં દરેક કાર્યો દેહભાવ અને સુખભાવ લક્ષમાં રાખીને અનુકૂળ સંજોગોમાં કરે છે. અને દેહભાવ અને સુખભાવમાં પ્રતિકુળતા આવે તો તે કાર્યો છોડી દે છે. (વ્યવહાર સબંધી મરણ અને માંદગી નાં કાર્યો) આપણે **કહેવાતા ધર્મી** : નાં જીવનનાં દરેક કાર્યો દેહભાવ અને સુખભાવ લક્ષમાં રાખીને કરીએ છીએ કે આદરભાવે અને ઉપકારી ભાવ ધારણ કરીને કર્તવ્ય સ્વરૂપે કરીએ છીએ, અનુકૂળતામાં કરીએ કે પ્રતિકુળતામાં પણ કરીએ છીએ?

**• કહેવાતા ધર્મી – અધર્મી •**
**જીવને સંસારમાં માન મળ્યું નથી**
**યા મળ્યું હોય તો ભુલ્યો નથી,**
**માટેધર્મનું માન મેળવવા મહેનત કરે છે.**

દેહભાવ અને સુખભાવને લક્ષમાં રાખીને અનુકૂળતાએ કરીએ તો અધર્મી કહેવાઈએ અને તેનાં બદલે આદર અને ઉપકારી ભાવ ધારણ કરીને પ્રતિકૂળતાએ કરીએ તો ધર્મી બન્યાં ગણાઈએ.

૪) **અજ્ઞાની (અધર્મી)** : ને દેહની બિમારી (રોગ) આવે ત્યારે આકુળ-વ્યાકુળ થાય અને મોટા વૈદ-ડોકટરોની દવાઓ લે અને છતાં સારૂં ન થાય તો બીજા ઘણા ઉપાયો અજમાવે છતાં સારૂં ન થાય તો બીજાનાં કહેવાથી શ્રી પરમાત્માનું સ્મરણ કરે, (દેહ અર્થે ધર્મ કરવાનું કારણ) આપણે **કહેવાતા ધર્મી** : ને દેહની બિમારી (રોગ) આવે ત્યારે પ્રથમ શ્રી પરમાત્માનું સ્મરણ સમજણપૂર્વક કરીને આર્તધ્યાન અને રૌદ્રધ્યાનથી દૂર રહીએ છીએ કે અધર્મીની જેમ પ્રથમ ડોકટરો અને વૈદોનો ઈલાજ લઈએ છીએ? પ્રથમ ઈલાજ કરીએ તો અધર્મી ગણાઈએ અને સહન થાય ત્યાં સુધી શ્રી પરમાત્માનું સ્મરણ કરીએ અને સહન ન થાય અને આર્તધ્યાન અને રૌદ્રધ્યાન શરૂ થાય તેને રોકવા જો ઈલાજ કરીએ તો ધર્મી બન્યાં ગણાય. (ધર્મ અર્થે દેહ ટકાવવાનું લક્ષ)

**■ ધર્મી-અધર્મીસાર ■**

**આપણે માનેલા અધર્મી અને આપણે કહેવાતા ધર્મી**

**૧. અધર્મીને કોઇ દુ:ખ આપે તો અધર્મી તે જીવને દુ:ખ આપે છે.**
**૧. કહેવાતા ધર્મીને કોઇ દુ:ખ આપે તો ધર્મી તે જીવને શું આપે છે ?**
**૨. અધર્મીનું જે જીવ અપમાન કરે ત્યારે અધર્મી તે જીવનું અપમાન કરે છે.**
**૨. કહેવાતા ધર્મીનું કોઈ જીવ અપમાન કરે છે ત્યારે તે કહેવાતા ધર્મી તે જીવનું શું કરે છે?**
**૩. અધર્મીનું જે જીવ અહીત કરે છે ત્યારે અધર્મી તે જીવનું અહીત વિચારે અને કરે છે.**
**૩. કહેવાતા ધર્મીનું કોઈ જીવ અહીત કરે ત્યારે કહેવાતા ધર્મી શું કરે છે ?**
**૪. અધર્મીની સામે જે જીવ ક્રોધ કરે છે ત્યારે અધર્મી તેની સામે ક્રોધ કરે છે.**
**૪. કહેવાતા ધર્મીની સામે કોઈ ક્રોધ કરે ત્યારે કહેવાતા ધર્મી તે જીવ સામે શું કરે છે ?**
**૫. અધર્મીને જે જીવ પ્રત્યે દ્વેષ હોય તો તે જીવને દુ:ખી કરીને કે જોઈને પરપિડનનો આનંદ મેળવે છે.**
**૫. કહેવાતા ધર્મીને જે જીવ પ્રત્યે દ્વેષ હોય તો કહેવાતા ધર્મી શું કરે છે ?**
**૬. અધર્મીને જે જીવો પ્રત્યે રાગ હોય તેની સાથે સતત રહે છે.**
**૬. કહેવાતા ધર્મીને જે જીવો પ્રત્યે રાગ હોય તો તે જીવો સાથે શું કરે છે ?**
**૭. અધર્મીને સાધનોનો મોહ થાય તો તે મેળવે છે. (સુખ માટે અને માન મેળવવા)**
**૭. કહેવાતા ધર્મીને જે સાધનો સુખ માટે ગમે છે ત્યારે કહેવાતા ધર્મી શું કરે છે ?**
**૮. અધર્મી પોતાના નોકરોને મહેનત જેટલું વળતર આપે છે.**
**૮. કહેવાતા ધર્મી નોકરોને મહેનતનાં પ્રમાણમાં શું આપે છે ?**

૫) **અજ્ઞાની (અધર્મી)** : પોતાનાં પરીવારનાં જીવો (પત્ની અને બાળકો)ને સુખમાં રાખવા સુખનાં સાધનો વસાવવા અર્થનો મોટા વ્યય કરે અને બીજા નજીકનાં સબંધી જીવો દુ:ખી હોવા છતાં તેનું ધ્યાન રાખવાની બદલે તેની ઉપેક્ષા કરે. આપણે **કહેવાતા ધર્મી** : પોતાનાં પરીવારનાં જીવો (પત્ની અને બાળકો)ની જરૂરીયાતનાં સાધનો વસાવી આપી (પત્ની અને બાળકો આશ્રીત હોવાથી) અને નજીકનાં સબંધી જીવોનાં દુ:ખોમાં કરૂણા દ્રષ્ટિ રાખીને અને કર્મ સંજોગનાં યોગને સ્વિકારીને તેમનાં દુ:ખોને દૂર કરવા પ્રયત્ન કરીએ છીએ ? પત્ની અને બાળકોનાં જ સુખનો વિચાર કરીએ તો અધર્મી ગણાઈએ પણ સાથે નજીકનાં સબંધીઓ કર્મ અનુસાર નજીકનાં સબંધી બન્યા છે, તેમ માનીને તેમનાં દુ:ખો તરફ કરૂણા દ્રષ્ટિ રાખીને દૂર કરવાનો પ્રયત્ન કરીએ તો ધર્મી બન્યા ગણાઈએ.

૬) **અજ્ઞાની (અધર્મી)** : ને ધર્મનાં કાર્યોમાં માન અને નામનું મમત્વ પોષાય એમ લાગે તો શ્રી પરમાત્મા અને ધર્મમાં માનતો ન હોય તો પણ ધર્મનાં શુભ કાર્યોમાં અર્થ વાપરે છે. આપણે **કહેવાતા ધર્મી** : નામ અને માનનું મમત્વ ત્યાગીને અલ્પ પરીગ્રહમાં રહેવા માટે વધારાનું અર્થ ધર્મનાં કાર્યોમાં વાપરીએ છીએ કે નામ અને માન મળે તો જ વાપરીએ છીએ ? પૂર્વનાં પૂણ્યનાં યોગે વધારે અર્થ પ્રાપ્ત થાય તો જરૂરીયાત પ્રમાણે રાખીને વધારાનું ધર્મનાં કાર્યોમાં અર્થ વાપરીએ તો ધર્મી બન્યાં ગણાઈએ અને જો માન અને નામ માટે અર્થ વાપરીએ તો અધર્મી ગણાઈએ.

૭) **અજ્ઞાની (અધર્મી)** : ને ત્યાં આવતાં સંસારીક પ્રસંગો (લગ્ન-પ્રસંગ વિગેરે)માં અર્થનો મોટો વ્યય કરે છે. અને તે પ્રસંગ નિર્વિઘ્ને પૂરો થાય તે માટે પ્રસંગની પહેલા અલ્પ અર્થથી ધાર્મિક અનુષ્ઠાન કરાવે છે. આપણે **કહેવાતા ધર્મી**: ને ત્યાં આવતા સંસારીક પ્રસંગો (જેવા કે લગ્ન પ્રસંગ)માં તે પ્રસંગમાં જેટલો અર્થનો વ્યય કર્યો હોય અને તે વ્યય કરતાં જે કાંઈ પાપ કર્મો બંધાણા હોય તેનાં પ્રાયશ્ચિત સ્વરૂપે જે અર્થનો વ્યય કર્યો હોય તેટલા જ પ્રમાણમાં અર્થ ધર્મમાં વાપરીએ છીએ ? જો વાપરતા હોઈએ તો ધર્મી બન્યા ગણાઈએ અને જો તેમ ન કરતા હોઈએ તો અધર્મી ગણાઈએ.

૮) **અજ્ઞાની (અધર્મી)** : પોતે ધર્મને જાણતો અને માનતો ન હોવા છતાં અર્થનું બળ બતાવવા મોટું ધર્મ ક્રિયાનું

**અધર્મી બાળજીવ ધર્મમાં ધર્મનું અને અધર્મમાં અધર્મનો પ્રયોગ (પ્રયત્ન) કરે છે. મિથ્યાત્વી બાળજીવ ધર્મમાં અધર્મનું સ્થાપન કરે છે. અને અધર્મમાં ધર્મનું નાટક કરે છે.**

અનુષ્ઠાન કરાવે અને સર્વ વ્યાવહારીક સબંધીઓને આમંત્રીત કરે છે અને ધર્મનાં શ્રેષ્ઠ એવા અનુષ્ઠાનમાં બેસવાને બદલે આવતા સર્વ સ્નેહીને (જે જીવો પ્રત્યે રાગ હોય તેવા જ જીવોને લગભગ આમંત્રે છે.)ની આગતા - સ્વાગતામાં રહે છે. અને આહારમાં (સ્વામી ભક્તિનાં નામે) અનેક પદાર્થો બનાવીને આગ્રહ પૂર્વક જમાડે છે. (ધાર્મિક અનુષ્ઠાનને ભૂલીને) આપણે **કહેવાતા ધર્મી** : જો ધાર્મિક અનુષ્ઠાન વખતે સર્વ સ્નેહી આવા ધાર્મિક અનુષ્ઠાનમાં ભક્તિભાવમાં આવે એવા હેતુથી સ્નેહીને આમંત્રે અને આવા ધાર્મિક અનુષ્ઠાન જીવનમાં લગભગ એકાદ વખત કરી શકાય તેમ સમજીને આખા અનુષ્ઠાન દરમ્યાન શ્રી પરમાત્મા પ્રત્યે ભક્તિભાવ ધારણ કરીને બેસીએ અને આહારમાં અલ્પ પદાર્થો સાત્વિક ભાવથી બનાવીને આમંત્રીત સ્નેહીઓ જરૂરીયાત પ્રમાણે લેશે તેવી સમજણ રાખીને સ્વામી ભક્તિ કરીએ તો ધર્મી બન્યાં ગણાઈએ. અને જો ધર્મનાં નામે અર્થનું દેખાડવાની વૃત્તિ રાખીએ તો અધર્મી ગણાઈએ.

**આનંદ આનંદ આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.